Website : www.siddhambikamataji.org ॥ શ્રી સિધ્ધાંબિકા પ્રસન્નોસ્તુ ॥ ટ્રસ્ટ રજી. નં. A / 259, બનાસકાંઠા (1955)

# શ્રી સિધ્ધાંબિકા દિશાવાળ સંઘ

કાર્યાલય : માતાજી મંદિર પરિસરમાં, જુનાડીસા - ૩૮૫૫૪૦ (બનાસકાંઠા)

Dial : 02744 - 272 276, 272 576 Telefax : 272 575 • E-mail : siddhambika@gmail.com

## શ્રી સિધ્ધાંબિકા દિશાવાળ સંઘ - બંધારણ

**આ કામે ચેરીટી કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, અમદાવાદનાએ પબ્લીક ટ્રસ્ટ એકટની કલમ ૫૦(એ) હેઠળ રજૂ થયેલ સ્કીમ અરજી નં.૧૭/૦૭ ના ઠરાવ મુજબ નીચે મુજબની સ્કીમ તૈયાર કરવામાં આવે છે.**

**-- સ્કીમ --**

**શ્રી સિધ્ધાંબિકા દિશાવાળ સંઘ - નોંધણી નંબર : એ/૨૫૯/બનાસકાંઠાના સંચાલન અને વહીવટ માટેની સ્કીમ**

૧ **નામ :-** **શ્રી સિધ્ધાંબિકા દિશાવાળ સંઘ** રહેશે. જે સદર બંધારણમાં હવે પછી સંઘ કહેવાશે.

૨. આ ટ્રસ્ટનું **મુખ્ય કાર્યાલય શ્રી સિધ્ધાંબિકા માતાજી મંદિર, જુના ડીસા, જી.બનાસકાંઠા** રહેશે. તથા જરૂર જણાયે યોગ્ય જગ્યાએ ફેરવી શકાશે.

૩. આ સંસ્થાનું **નાણાકીય વર્ષ ૧લી એપ્રીલ થી ૩૧ મી માર્ચ** સુધીનું રહેશે.

૪. ગુજરાતમાં બનાસકાંઠા જિલ્લામાં પવિત્ર બનાસ નદીના કાંઠા ઉપર જુના ડીસા ગામમાં **શ્રી સિધ્ધાંબિકા માતાજી**નું પુરાતન મંદિર છે. આ મંદિર અને દેવસ્થાનની માલીકીની તમામ સ્થાવર જંગમ મિલકતો સચવાય તથા તેનો યોગ્ય વહીવટ થાય તે માટે આ સંસ્થા સ્થાપવામાં આવી છે.

**૫. સંસ્થાના ઉદ્દેશો :-**

(ક) **શ્રી સિધ્ધાંબિકા માતાજી**નું મંદિર એ દિશાવાળ સમાજનું તથા વિશિષ્ટ રીતે શક્તિ સંપ્રદાયનું એક શ્રદ્ધા કેન્દ્ર છે. જેની યોગ્ય મરામત સાથે જાળવણી કરવી અને સાંસ્કૃતિક પરંપરાઓ મુજબ શાસ્ત્રોની વિધિઓ અંતર્ગત **શ્રી સિધ્ધાંબિકા માતાજી**ની તથા તેના પરિસરમાં આવેલ મહાદેવજીના દૈનિક તથા વિશિષ્ટ પ્રસંગે અને સમયે સમયે પ્રાસંગિક ઉત્સવો તથા ધાર્મિક પર્વો ઉપર દીવો, થાળ, ભોગ, પૂજા અર્ચના, આરતી, હોમ, હવન, યજ્ઞ વિગેરે સંસ્કૃતિ અનુસાર ધાર્મિક વિધિઓ કરવી.

(ખ) હિન્દુ સંસ્કૃતિ તથા તેના જીવન દર્શનનો ઉત્કર્ષ તથા પ્રચાર, તેને અનુરૂપ ઉત્સવો - પ્રસંગોનું આયોજન કરવું તથા આવી સંસ્થાઓને સહાય કરવી.

(ગ) સમાજના કોઈપણ વર્ગોના, કોઈ ભેદભાવ વગર, જરૂરતમંદ વ્યક્તિઓને રાહત-કેળવણી-શૈક્ષણિક-વૈદકીય હેતુ માટે નાણાકીય મદદ કરવી. નિઃશુલ્ક અથવા કિફાયત દરે મેડીકલ કેમ્પસ-નેત્રયજ્ઞોનું આયોજન કરવું અને સામાન્ય જનતાની ઉપયોગીતાના હેતુઓને વિકસાવવા અને તેમાં આર્થિક સહાય કરવી.

(ઘ) કોઈપણ ભેદભાવ વગર સમાજની નિરાધાર વ્યક્તિ જેવી કે વિધુર, વિધવા, ત્યકતાને આર્થિક સહાય કરવી.

(ચ) દુષ્કાળ, ધરતીકંપ અથવા અન્ય કુદરતી આફતો વખતે લોકોને આર્થિક સહાય કરવી.

(છ) યાત્રાળુઓની સગવડ સાચવવા તથા યાત્રાળુઓની અન્ય જરૂરીયાત માટે ખર્ચ કરવો તથા યાત્રાળુઓને કીફાયત દરે ભોજન આપવું.

(જ) મંદિરના પરિસરો અને પ્રવૃત્તિઓને વિકસાવવા - વિસ્તૃત કરવા માટે જરૂરીયાત મુજબ યોગ્ય જમીન, જગ્યા, મકાન, મિલ્કત લેવી અને વેચવી.

(ઝ) દિશાવાળ સમાજ તેમજ અન્ય સમાજના યુવાનો તથા મહિલાઓના ઉત્કર્ષ માટે કાર્યો કરવા.

(ટ) પક્ષીઓના દાણા-ચણા માટે સહાય કરવી.

(ઠ) ઈન્કમટેક્ષ એકટ-૧૯૬૧ માં દર્શાવેલ સખાવતી હેતુઓ માટે સહાય કરવી, ઉપલા ઉદ્દેશોમાં ખર્ચ, આવકના સ્ત્રોતને આધીન રહેશે અને તેમાં નફાનો હેતુ રહેશે નહીં.

**૬. દિશાવાળ સંઘના સભ્ય :-**

(ક) સમગ્ર વિશ્વમાં વસતા દિશાવાળ જ્ઞાતિના સનાતન ધર્મને પાળતા અને **શ્રી સિધ્ધાંબિકા માતાજી**ને **કુળદેવી** તરીકે માનતા દિશાવાળ **ભાઈ - બહેન ૧૮ વર્ષની પૂરી થયેલ ઉંમરે** સંઘના નિયમો તથા બંધારણને અનુસરીને સંઘના આજીવન સભ્ય થઈ શકશે. આવા આજીવન સભ્યોનો સમૂહ **"શ્રી સિધ્ધાંબિકા દિશાવાળ સંઘ"** ના નામથી ઓળખાશે.

(ખ) સભ્યોના પ્રકાર નીચે મુજબ રહેશે.

**(અ) પેટ્રન આજીવન સભ્ય ફી રૂા.૧૦૦૧/- (બ) દાતા આજીવન સભ્ય ફી રૂા.૫૦૧/- (ક) આજીવન સભ્ય ફી રૂા.૨૦૧/-**
ઉપરની ફી માં સામાન્ય સભા વખતો વખત વધારો કે ઘટાડો નક્કી કરી શકશે.

**૭. સંઘનો વહીવટ - ટ્રસ્ટી મંડળ :-**

(૧) સંઘની વ્યવસ્થા, વહીવટ તથા તમામ પ્રકારના કામકાજ સંસ્થાના નીતી નિયમો અને બંધારણને અનુસરી, સંસ્થાના આજીવન સભ્યોમાંથી નિમાયેલ ટ્રસ્ટી મંડળને આધીન રહેશે.

(૨) ટ્રસ્ટી મંડળમાં **ઓછામાં ઓછા ૧૫ અને વધુમાં વધુ ૨૧ ટ્રસ્ટીઓ** રહેશે.

(૩) સદરહુ સ્કીમના **પ્રથમ ટ્રસ્ટીઓ હાલની સ્કીમ અરજીમાં આંક-૪૧, આંક-૪૨ અને આંક-૪૩ આધારે જે ચૂંટણી કરવામાં આવેલી છે તેમાં ચૂંટાયેલા ૨૧ વ્યક્તિઓ રહેશે.**

(૪) ટ્રસ્ટી મંડળની સભ્ય સંખ્યામાં વધારો ઘટાડો કરવાનો હક્ક વાર્ષિક સામાન્ય સભા અથવા ખાસ સામાન્ય સભાને રહેશે.

(૫) ટ્રસ્ટના **ટ્રસ્ટી મંડળમાં નિમણુંક પામનાર આજીવન સભ્ય ઓછામાં ઓછા પાંચ વર્ષનો આજીવન સભ્ય** હોવો જરૂરી છે.

(૬) ઉપરોકત **ટ્રસ્ટી મંડળની સમયમર્યાદા ૫ વર્ષ**ની રહેશે, ત્યારબાદ પ્રત્યેક પાંચ વર્ષે ૧/૩ ભાગના સભ્યો નિવૃત્ત થશે. નિવૃત્તિનો સમય ક્રમ નિયુક્તિના ક્રમ અનુસાર રહેશે.

(૭) **નિવૃત્તિના કારણે ખાલી પડેલ જગ્યામાં સામાન્ય સભા** સર્વાનુમતે અગર બહુમતિથી નિમણુંક કરશે.

(૮) **આકસ્મિક કારણને લઈને ટ્રસ્ટી / ટ્રસ્ટીઓની ખાલી જગ્યા પડશે તો ટ્રસ્ટી મંડળ** સર્વાનુમતે અગર બહુમતીથી ઓછામાં ઓછા પાંચ વર્ષના આજીવન સભ્યો પૈકીમાંથી નિમણુંક કરશે.

(૯) આકસ્મિક નિમાયેલ ટ્રસ્ટીનો સમય જે જગ્યા ખાલી પડેલ છે તે સમય પૂરતો રહેશે.

(૧૦) એક વર્ષમાં ટ્રસ્ટીઓની ઓછામાં ઓછી ત્રણ મીટીંગો બોલાવવાની રહેશે. મીટીંગ માટે ૧૫ દિવસ અગાઉ નોટીસ આપવાની રહેશે.

૮. (૧) સંઘમાં નીચેના **હોદ્દેદારોની નિમણુંક** કરવામાં આવશે.

**પ્રમુખ-૧, ઉપપ્રમુખ-૧, મંત્રી-૧, સહમંત્રી-૧, ખજાનચી-૧, સહખજાનચી-૧**

**ઉપરના હોદ્દેદારોની નિમણુંક ટ્રસ્ટી મંડળના સભ્યો તેમના પૈકીમાંથી કરશે અને આ હોદ્દાનો સમયગાળો પાંચ વર્ષનો રહેશે.**

(૨) આકસ્મિક કારણોવસાત્ હોદ્દેદારોની ખાલી જગ્યા પડશે તો ટ્રસ્ટી મંડળના સભ્યો તેમની નિમણુંક કરી શકશે.

(૩) દરેક ટ્રસ્ટીએ વર્ષમાં ઓછામાં ઓછી ટ્રસ્ટી મંડળની એક મીટીંગમાં હાજર રહેવું જરૂરી છે. જો આવી હાજરી ન થાય તો તે ટ્રસ્ટી, ટ્રસ્ટી મંડળમાંથી આપોઆપ રદબાતલ થયેલ ગણાશે, આવી ખાલી પડેલ જગ્યા માટે કલમ ૭(૮) મુજબ બીજા ટ્રસ્ટીની નિમણુંક થઈ શકશે.

૯. ટ્રસ્ટી મંડળ વહીવટની સરળતા માટે અન્ય આજીવન સભ્યોમાંથી ચોક્કસ કાર્ય માટે કાર્યવાહક સમિતીઓ રચી શકશે કે જે આ ટ્રસ્ટી મંડળને જવાબદાર રહેશે.

(૧) **ટ્રસ્ટી મંડળની મીટીંગ માટે ઓછામાં ઓછા સાત સભ્યોનું કોરમ** ગણાશે. કોરમના અભાવે બોલાવેલ મીટીંગ અડધા કલાક પછી તે જ સ્થળે મળી શકશે અને તે બોલાવેલ મીટીંગના એજન્ડા ઉપર નિર્ણય કરી શકાશે અને આ નિર્ણય સર્વેને બંધનકર્તા ગણાશે.

(૨) દરેક મીટીંગની કાર્યવાહી તે પછીની મીટીંગમાં વાંચનમાં લઈ પસાર કરવાની રહેશે.

(૩) ટ્રસ્ટી મંડળને યોગ્ય લાગે તો **સલાહ સૂચન માટે અને કોઈ બુઝર્ગ, વડીલ, નામાંકિત આજીવન સભ્યને મીટીંગમાં હાજર રહેવા આમંત્રણ આપી શકશે, પરંતુ આવા આમંત્રિત સભ્યને મત આપવાનો અધિકાર રહેશે નહીં.**

**૧૦. સભ્ય :-**

(૧) નવું સુધારેલ બંધારણ અમલમાં આવે તે વખતે જે આજીવન સભ્યો છે તે આજીવન સભ્યો તરીકે ચાલુ રહેશે.

(૨) નવું સુધારેલ બંધારણ જે તારીખથી અમલમાં મુકવામાં આવે તે તારીખે હાલના કાર્યવાહક સમિતીના પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી, ખજાનચી રાબેતા મુજબના ગણાશે. પરંતુ ટ્રસ્ટી મંડળ વહીવટ સંભાળી લે ત્યાં સુધી સંઘનું રાબેતા મુજબનું તમામ કામકાજ કેર ટેકર તરીકે કરશે.

(૩) સંઘનો કોઈપણ સભ્ય સંઘના હિત વિરૂધ્ધ વર્તન કરતો અથવા સંઘના હિતને નુકશાન થાય તેવું કાર્યકરતો હોવાનું ટ્રસ્ટી મંડળને લાગે તો તે સભ્યનું સભ્યપદ રદ કરવા માટે, તે સભ્યને સાંભળવાની પુરતી તક આપ્યા બાદ, સામાન્ય સભા તે સભ્યનું સભ્યપદ રદ કરવું કે નહીં તેનો નિર્ણય બહુમતિથી કરશે.

(૪) ટ્રસ્ટી મંડળ અથવા કાર્યવાહક સમિતીનો કોઈ સભ્ય સંઘ વિરૂધ્ધ પ્રવૃત્તિ કરતો જણાશે તો તેને સાંભળ્યા બાદ સામાન્ય સભા દૂર કરી શકશે.

(૫) સંઘની **બધી જ સામાન્ય સભાઓમાં તથા ખાસ બોલાવેલી સભાઓની નોટીસ આજીવન સભ્યને આપવાની રહેશે અને નોટીસથી છ મહીના અગાઉ આજીવન સભ્ય થયેલા દરેક સભ્યને સભાઓમાં હાજર રહેવાનો તથા મત આપવાનો અધિકાર રહેશે.**

(૬) પચાસ આજીવન સભ્યો મળીને ટ્રસ્ટી મંડળને ખાસ સામાન્ય સભા બોલાવવા માટે કારણો આપી લેખીતમાં નોટીસ આપી શકશે. આવી નોટીસની સહીઓની ચકાસણી કરી બે મહીનામાં ટ્રસ્ટીઓએ ખાસ સામાન્ય સભા બોલાવવાની નોટીસ બહાર પાડવાની રહેશે.

(૭) ઉપર (૬) માં જણાવ્યા મુજબ નોટીસ આપ્યા છતાં જો ટ્રસ્ટી મંડળ ૯૦ (નેવુ) દિવસમાં ખાસ સામાન્ય સભા બોલાવે નહીં તો જે તે ૫૦ આજીવન સભ્યો પોતે ખાસ સામાન્ય સભા બોલાવી શકશે અને આવી સભામાં પસાર કરેલ ઠરાવો ટ્રસ્ટી મંડળને બંધનકર્તા રહેશે.

(૮) સંઘના **હિસાબોના ઓડીટ કામકાજ માટે ઓડીટરની નિમણુંક તથા તેમનું મહેનતાણું ટ્રસ્ટી મંડળ નક્કી કરશે.** સુધારેલું બંધારણ અમલમાં આવે તે વખતે પ્રથમ ઓડીટરની નિમણુંક ટ્રસ્ટી મંડળ કરી શકશે.

**૧૧. સંસ્થાનું ભંડોળ :-**

(૧) સંઘની સઘળી સ્થાવર તથા જંગમ મિલ્કત સંઘના નામે રહેશે.

(૨) સંઘ ભંડોળ નીચેના સાધનો દ્વારા એકત્ર કરવામાં આવશે.

**૧. સભાસદોના લવાજમ દ્વારા**
**૨. ભેટ દ્વારા**
**૩. દાન દ્વારા**
**૪. સહકારી ધોરણે થઈ શકતા કાર્યો દ્વારા**
**૫. અલગ અલગ કાર્યક્રમો દ્વારા**
**૬. ટ્રસ્ટી મંડળ નક્કી કરે તે અન્ય સાધનો દ્વારા**

(૩) **સંઘને પ્રાપ્ત થયેલા નાણાકીય ભંડોળનો ઉપયોગ :-**

૧. સંઘના ઉદ્દેશો સિદ્ધ કરવાના કોઈપણ કાર્ય માટે થઈ શકશે.

૨. જે તે ફંડમાં રકમ આવી હોય તે તે ફંડ માટે જ વાપરવી.

૩. કોઈ ખાસ સંજોગોમાં જરૂર ઉભી થશે તો ટ્રસ્ટી મંડળ કોઈપણ ભંડોળનો ઉપયોગ ખાસ ઉદ્દેશ માટે કરી શકશે.

(૪) **કોઈપણ રાષ્ટ્રીયકૃત બેંકોમાં સંઘના નામે જુના ડીસા, ડીસા, અમદાવાદ, મુંબઈ ખાતે ખાતા ખોલાવી** તેમાં સંઘનું ભંડોળ રાખવામાં આવશે. હાલના જે જે બેંકોમાં ખાતા છે તે ચાલુ રહેશે.

(૫) સંઘની પ્રવૃત્તિ, વહીવટ તથા ઉદ્દેશો પાછળ ખર્ચ કરતાં સમયે સમયે જે વધારો રહેતો હોય છે તે વધારો ટ્રસ્ટ એકટ અને ઈન્કમટેક્ષ કાયદાઓને આધીન, સંસ્થાના નામે, શેડયુલ બેંકની ફીકસ ડીપોઝીટ, ગવર્મેન્ટ ઓફ ઈન્ડીયા બોન્ડ, ગવર્મેન્ટ સીકયુરીટીઝ, પોસ્ટ બચત યોજનામાં ટ્રસ્ટી મંડળ ઠરાવ કરી રોકાણ કરી શકશે.

(૬) સંઘની બેંકોમાં ખાતા ફીકસ ડીપોઝીટસ, ગવર્મેન્ટ બોન્ડ, પોસ્ટ બચત યોજના વગેરેમાં જયાં જયાં રોકાણ હોય તેનો વહીવટ નિયુકત કરેલા ટ્રસ્ટીમાંથી કોઈપણ બે ટ્રસ્ટીઓએ જોઈન્ટ સહીથી કરવાની રહેશે.

**૧૨. સભાઓ :-**

(૧) ટ્રસ્ટી મંડળે **વર્ષમાં ઓછામાં ઓછી ત્રણ મીટીંગો** બોલાવવાની રહેશે અને બે મીટીંગો વચ્ચેની સમયમર્યાદા પાંચ મહીનાથી વધારે હોવી જોઈએ નહીં. આવી મીટીંગો બોલાવવા માટેની **નોટીસ ટાઈમ ૧૫ દિવસનો** રહેશે. જો કોઈ અગત્યની બાબતમાં નિર્ણય લેવાનો હોય તો **બહુમતી ટ્રસ્ટીઓની સંમતીથી ઓછામાં ઓછા ત્રણ દિવસની નોટીસથી પણ મીટીંગ** બોલાવી શકાશે. ટ્રસ્ટી મંડળની સભામાં કોરમ હાજર રહેલા સાત ટ્રસ્ટીઓનું રહેશે, અથવા કુલ સંખ્યાના ૧/૩ નું રહેશે.

(૨) પુરા થતા વર્ષના આવક-જાવકના હિસાબો તથા સરવૈયુ પાસ કરાવવા માટે સંઘના **આજીવન સભ્યોની સામાન્ય સભા વર્ષમાં એક વાર બોલાવવાની રહેશે. તે માટે એજન્ડા સાથેની પંદર દિવસની નોટીસ મોકલવાની રહેશે.**

(૩) **વાર્ષિક સામાન્ય સભા / ખાસ સામાન્ય સભાનું કોરમ ત્રીસ આજીવન સભ્યોનું** ગણાશે. જો સભામાં ટાઈમ પ્રમાણે પુરતુ કોરમ ન હોય તો તે સભા તે જ દિવસ માટે અડધો કલાક મુલત્વી રહી ફરી મળશે અને તે સભામાં પસાર કરેલ ઠરાવો સર્વને બંધનકર્તા ગણાશે.

(૪) સંઘના બંધારણમાં તથા ઉદ્દેશોમાં, આજીવન સભ્યોની વાર્ષિક સામાન્ય સભા અથવા ખાસ સામાન્ય સભામાં હાજર રહેલ સભ્યોમાંથી ૩/૪ સભ્યોની બહુમતીથી ફેરફાર કરી શકાશે. આવા ફેરફાર સંઘના મુળભુત ઉદ્દેશોને અનુરૂપ હોવા જરૂરી છે.

(૫) કોઈપણ મીટીંગમાં ઠરાવની તરફેણ વિરૂધ્ધમાં સરખા મત થાય તો મીટીંગના પ્રમુખને કાસ્ટીંગ વોટ આપવાનો અધિકાર રહેશે.

**૧૩. વહીવટ :-**

(૧) સંઘની સમસ્ત સ્થાવર તથા જંગમ મિલકત **"શ્રી સિધ્ધાંબિકા દિશાવાળ સંઘ"** ના નામે રાખવાની.

(૨) સંઘનો સંપૂર્ણ વહીવટ એટલે કે મિલ્કતને લગતી વ્યવસ્થા, મંદિરની પૂજા - અર્ચનાની વ્યવસ્થા, અન્ય સંસ્થાકીય વહીવટ વગેરે સંપૂર્ણ બાબતો ટ્રસ્ટી મંડળને આધીન રહેશે.

(૩) **શ્રી સિધ્ધાંબિકા માતાજી**ના મંદિરમાં તથા પરિસરમાં આવેલ મહાદેવજીના મંદિરમાં દૈનિક પૂજા, અર્ચના, ભોગ તથા અન્ય ધાર્મિક ઉત્સવો માટે હોમ, હવન, યજ્ઞ, વરઘોડા અને તેવા ધાર્મિક પ્રસંગોએ કરવા માટે વિધિઓને અનુરૂપ પૂજારી / પૂજારીઓ નિમવાનો અધિકાર ટ્રસ્ટી મંડળનો રહેશે. આ પૂજારી / પૂજારીઓનો પગાર, નોકરીની શરતો વગેરે નક્કી કરવાનો, તેમાં સુધારો વધારો કરવાનો, નોકરીમાંથી છૂટા કરવાનો સંપૂર્ણ અધિકાર ટ્રસ્ટી મંડળને રહેશે.

**શ્રી સિધ્ધાંબિકા હિંગળાજ સંઘ**
**કાર્યાલય : માતાજી મંદિર પરિસરમાં, જુનાડીસા - ૩૮૫૫૪૦ (બનાસકાંઠા)**
**Dial : 02744 - 272 276, 272 576 Telefax : 272 575 ● E-mail : siddhambika@gmail.com**

(૪) સંઘના વહીવટની જરૂરીયાત મુજબ કર્મચારીઓ જેવા કે મેનેજર, મુનીમ, કારકુન, પટાવાળા વગેરે નિમવાનો, તેમના પગાર તથા નોકરીની શરતો વિગેરે નક્કી કરવાનો, તેમાં સુધારા વધારા કરવાનો, નોકરીમાંથી બરતરફ કરવા વગેરેનો સંપૂર્ણ અધિકાર ટ્રસ્ટી મંડળને રહેશે.

(૫) ટ્રસ્ટી મંડળે સંઘના સંપૂર્ણ વહીવટ અંગેના હિસાબના ચોપડા, મિલકત અંગેના રેકર્ડ, ટ્રસ્ટીઓની તથા સામાન્ય સભા કે ખાસ સામાન્ય સભાની મીટીંગોની કાર્યવાહીની મીનીટસના રજીસ્ટરો તથા અન્ય વહીવટી કામગીરીના રજીસ્ટરો, ફાઈલો વિગેરે રાખવાના રહેશે.

(૬) ટ્રસ્ટીઓ કોઈપણ નિર્ણય, સરકયુલર, ઠરાવથી જો સંપૂર્ણ બહુમતીથી સધાય તો લઈ શકશે, જો સંપૂર્ણ બહુમતી ન સધાય તો તે નિર્ણય ફકત મીટીંગ ભરીને જ લઈ શકશે.

(૭) સંઘના મંદિરોમાં ગોલખમાં જે ભેટ આવે છે તે **ગોલખ દર બે માસે ખોલવાનો** રહેશે અને તે માટેનો દિવસ અને ટાઈમ દરેક ટ્રસ્ટીને આઠ દિવસ અગાઉ જણાવવાનો રહેશે અને **ઓછામાં ઓછા ત્રણ ટ્રસ્ટીની હાજરીમાં ગોલખો ખોલવામાં** આવશે અને તે રકમની નોંધ ટ્રસ્ટીઓની સહીથી ચોપડે જમા લેવાશે.

(૮) હિસાબી વર્ષ પુરૂ થયે **આવક જાવકના હિસાબો તથા સરવૈયુ બનાવી ઓડીટર પાસે ઓડીટ કરાવી ટ્રસ્ટીઓની મીટીંગમાં રજૂ** કરવાના રહેશે અને કાયદાના નિયમોની અવધિ મુજબ સામાન્ય સભા બોલાવી, તેમાં રજૂ કરવાની જવાબદારી ટ્રસ્ટી મંડળની રહેશે.

(૯) સંઘની બધી સ્થાવર-જંગમ મિલ્કતોનું રક્ષણ કરવા જરૂરી પગલા જેવાં કે વીમો, કાયદાકીય પગલાં, મિલ્કતની મરામત, માતાજીના દાગીના, વસ્ત્રો, પૂજાનો સામાન વિગેરે સારી તથા સેફ સ્થિતિમાં રહે તેની જવાબદારી ટ્રસ્ટીઓની રહેશે અને તે માટે તેઓ ખર્ચ કરી શકશે.

(૧૦) સામાન્ય / ખાસ સામાન્ય સભાઓએ મંજૂર કરેલ ઠરાવોનો અમલ ટ્રસ્ટીઓએ કરવાનો રહેશે.

(૧૧) સભાઓ બોલાવવી, સરકયુલર પ્રસિદ્ધિ કરવા, પત્રવ્યવહાર કરવો, સભાઓના અહેવાલની નોંધ રાખવાની જવાબદારી, વહીવટ માટે જરૂરી નિયમો ઘડવાની જવાબદારી ટ્રસ્ટીઓની રહેશે અને આનો અમલ મંત્રીશ્રીએ કરવાનો રહેશે.

(૧૨) સંઘનો આજીવન સભ્ય પંદર દિવસ અગાઉથી લેખિતમાં અરજી કરી સંઘના વહીવટના હિસાબો, મીનીટસ, અન્ય રેકર્ડ તપાસી શકશે અને તેની કોપી પણ ટ્રસ્ટી મંડળ પાસેથી માંગી શકશે.

**(૧૩) બંધારણ અને નિયમ અનુસાર શુભનિષ્ઠાથી કરેલ સામાન્ય વહીવટી કામો કાર્યવાહીની ટેકનીકલ ખામીને કારણે નિયમો અનુસાર રદ બાતલ થશે નહીં.**

(૧૪) ટ્રસ્ટી મંડળના કોઈપણ સભ્યે કે હોદ્દેદારે વ્યક્તિગત રીતે નિયમ વિરૂધ્ધ અથવા ટ્રસ્ટી મંડળની સંમતિ વગર કોઈ કામ કર્યુ હશે તો તે સંઘને બંધનકર્તા રહેશે નહીં અને તેવી સર્વે જવાબદારી જે તે વ્યક્તિની પોતાની રહેશે.

**(૧૫) મંત્રી, ખજાનચી તથા કોઈ હાદ્દેદાર અથવા પેટા સમિતિના સભ્ય શુભનિષ્ઠાથી પોતાની મર્યાદિત હક્કોમાં રહી પોતાની ફરજો અદા કરતાં જે કાર્ય કરશે તે માટે અંગત રીતે જવાબદાર ગણાશે નહીં.**

(૧૬) કોર્ટનો વાદી અથવા પ્રતિવાદી તરીકે અને કોરમોમાં મંત્રીઓ ટ્રસ્ટીઓ વતી, ટ્રસ્ટીઓની સંમતિથી સંસ્થાનું પ્રતિનિધિત્વ કરી શકશે. આવા લેખીત કરારો ઉપર ટ્રસ્ટી મંડળના ચૂંટાયેલા બે ટ્રસ્ટીઓની સહી જરૂરી રહેશે.

**(૧૭) કોઈ એવી બાબત ઉપસ્થિત થાય કે જેનો ખુલાસો બંધારણમાં ન થયેલો હોય તો તે બાબતમાં ટ્રસ્ટી મંડળ નિર્ણય આપશે અને તે નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.**

(૧૮) જો કોઈ કારણોવસાતં ટ્રસ્ટીઓની ચૂંટણી લંબાય તો જયાં સુધી નવી ચૂંટણી ન થાય ત્યાં સુધી ચાલુ ટ્રસ્ટીઓ યથાવત રહેશે અને વહીવટ યથાવત્ સંભાળી શકશે.

**૧૪. અન્ય :-**

આ બંધારણ અમલમાં આવે ત્યાં સુધી પદાધિકારીઓ, કારોબારી સભ્યો ચાલુ રહી વહીવટ સંભાળશે.

**તારીખ :- ૧૭-૦૯-૨૦૧૦**
**સ્થળ :- અમદાવાદ**

**(હ. મ. ધોલકીયા)**
**ચેરિટી કમિશનર**
**ગુજરાત રાજય, અમદાવાદ**